દર ગુરુવારે પ્રસિદ્ધ થતું સામયિક
FREE DISTRIBUTION
www.gyanvrudhi.info

DATE : 07-MAY-2020
THURSDAY
TOTAL PAGES : 4
RNI No : GUJGUJ/2016/71456

# જ્ઞાનવૃદ્ધિ

## ન જાણતા હોવ તો જાણો, જાણતા હોવ તો જ્ઞાનમાં વૃદ્ધિ કરો

GYAN VRUDHI : WEEKLY, EDITOR & PUBLISHER : HEMANT YOGESHBHAI JOSHI, YEAR : 4, VOLUME : 1, ISSUE : 122.

## તંત્રીસ્થાનેથી...

અમને આપ સૌ વાચકોને જણાવતાં આનંદ થાય છે કે 'જ્ઞાનવૃદ્ધિ' નામનુ આ સામયિક સર્વેને ઉપયોગી રહેશે અને દિન-પ્રતિદિન આવતી નવી માહિતીઓ, સમાચારો અને જાહેરાતો દ્વારા તમને માહિતગાર કરતુ રહેશે.

આ પુસ્તિકામાં જ્ઞાન અને બુદ્ધિ વધે તેવા કોમ્પ્યુટર, મેનેજમેન્ટ, આરોગ્ય તથા એન્જીનીયરીંગ જેવા વિવિધ ક્ષેત્રોને લગતી માહિતીનો સમાવિષ્ટ કરવામાં આવશે.

આ પુસ્તિકામાં ૨૫(પચીસ)થી પણ વધારે આવરી લેવાતા મલ્ટીમીડિયા રીલેટેડ સોફ્ટવેરનું માર્ગદર્શન આપવામાં આવશે જેમાં બધા જ પાના રંગીન હોવાના કારણે સરળતાથી સમજી શકાશે.

આજના યુગમાં ધંધા તથા વ્યવસાયની પરિભાષા બદલાઈ રહી છે. ઓફલાઈનથી માંડી ઓનલાઈન પર પણ ખરીદારો અને વ્યાપારીઓ ફંટાઈ રહ્યા છે, તેવામાં ઓનલાઈન ધંધા-વ્યવસાયની માહિતી કેવી રીતે મેળવવી અને મેનેજમેન્ટ કેવી રીતે કરવું, અને જે ધંધો કે વ્યવસાય કરો તેના કાયદા શું છે અને તેમાં ભારત સરકાર તથા રાજ્ય સરકાર કેવી રીતે મદદરૂપ થાય છે તેની માહિતીનો સમાવેશ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવશે જે તમને ધંધા-વ્યવસાય કરવામાં મદદરૂપ રહેશે.

- હેમંત યો. જોષી.

**હવે આ સામયિક ને તમે તમારા મોબાઈલ પર પણ જોઈ શકશો.**

## ગુરૂ સંદેશ

*'સુખ અને શાંતિ માટે આપણે મનસ્વી રીતે, કલ્પનાથી નક્કી કરેલા રસ્તાઓ આપણને સુખ કરતા નથી. પણ ભગવાને જે મારગ આપેલો છે, મહાન સંતો અને ઋષિઓએ જે મારગ આપેલો છે. તે આપણા માટે ઉત્તમ છે. તે મારગે ચાલવાથી જ સુખ-શાંતિ થાય છે !'*

*'ગેસના બાટલમાં સહેજ ગાફલાઈ રાખીએ તો નુકસાન થાય, ભડાકો થાય, માણસ મરે. એમ જીવનનું પણ એવું છે. ભગવાનના આદેશ મુજબ એને પુરું કરીએ તો શ્રેય થાય અને વ્યસન, દૂષણ, પાપાચાર, વ્યભિચારમાં વાપરવાની ગાફલાઈ રાખીએ તો અધોગતિ અને નુકશાન!'*

*'અનીતિનું ખૂબ મળે તેના કરતાં નીતિનો સૂકો રોટલો મળે તો પણ તેમાં શાંતિ છે.'*

*'બીજાને દુ:ખી કરીને ક્યારેય પણ સુખી થવાતું જ નથી. બીજાના સુખમાં જ આપણું સુખ છે, બીજાના ભલામાં જ આપણું ભલું છે. બીજાના ઉત્કર્ષમાં જ આપણો ઉત્કર્ષ છે.'*

*- પ.પૂ.બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.*

પાના નં. ૪ પર

**ભારતમાં જાહેર ક્ષેત્રના એકમો : PART - 2**

વધુ વાંચો પાના નં : ૪ પર...

**"અમારે તો સગું શુ...? અને વહાલુ કોણ..? જે ગણોએ આ સ્ટાફ જ છે.." : હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ**

વધુ વાંચો પાના નં : ૪ પર...

આ માહિતીસભર સામયિક વિનામુલ્યે આપને મળ્યું હોવાથી તેને ધ્યાનથી વાંચશો. આ માહિતીસભર સામયિકમાંથી જો તમે શીખી લીધુ હોય અને તમારા માટે નકામી હોય તો તેને પસ્તીમાં કે કચરામાં કે ફાડી ન દેતા, એવા વ્યક્તિને આપજો કે જે આ પુસ્તિકાનો ઉપયોગ કરી શીખી શકે.

**કોરોના વાયરસ તમારા ઘરમાં ઘૂસી ના જાય તે માટે...**

# માસ્ક પહેર્યા વિના બહાર ન નીકળવુ
# સોશ્યલ ડિસ્ટન્સ જાળવવુ
# વારંવાર સાબુથી હાથ ધોવા

**એ ત્રણ સંકલ્પ લેવા અપીલ...**

પાના નં. ૪ પર

**કોરોના વાયરસ કોવિડ-૧૯ની ઇન્ટરનેશનલ કલીનીકલ ટ્રાયલ સોલીડારિટી ટ્રાયલ માટે ગુજરાતને મંજૂરી**

વધુ વાંચો પાના નં : ૪ પર...

**www. rupiyakamao .com માં આવેલ e-store દ્વારા વિવિધ વસ્તુઓનું વેચાણ કરો અને રૂપિયા કમાઓ.**

**આ e-store માં ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રીકલ, વિવિધ બ્રાન્ડના મોબાઈલ તથા એસેસરીઝ, રેડીમેડ ગારમેન્ટ્સ, ગીફ્ટ આર્ટીકલ્સ, કોસ્મેટીક્સ અને શૃંગારની આઈટમ્સ, ઘડિયાળો, બુક્સ, ફર્નિચર, ક્રોકરી આઈટમ્સ, હોમ એપ્લાયન્સીસ, ડેકોરેટીવ ઝુમ્મર નું વેચાણ કરી રૂપિયા કમાઈ શકશો.**

## 'જ્ઞાનવૃદ્ધિ' સામયિકનો ઉપયોગ કેવી રીતે કરશો ?



(૧) તમને મળતા 'જ્ઞાનવૃદ્ધિ'ના તમામ અંકોને એક ફાઈલમાં ભેગા કરવા.

(૨) જે તે વિષયની માહિતી કે જાણકારીને ક્રમમાં ગોઠવીને વાંચવી.

**www.gyanvrudhi.info**

પાના નં. ૨ પર

**ગુજરાતના જિલ્લાઓનું વિભાજન**

વધુ વાંચો પાના નં : ૨ પર...

**મહાસાગરો વિશે આટલું જાણો**

વધુ વાંચો પાના નં : ૨ પર...

પાના નં. ૨ પર

**જીવવિજ્ઞાનને લાગુ પડતી શાખાઓ**

વધુ વાંચો પાના નં : ૨ પર...

**ખાદ્ય પદાર્થની સાચવણી : Part-2**

વધુ વાંચો પાના નં : ૨ પર...

પાના નં. ૪ પર

**ગુજરાતમાં લોકડાઉનની કડક અમલવારી કરાવવાની સાથે રાજ્યની સલામતી, સુરક્ષા અને વિકાસ માટે પોલીસ વિભાગ કટિબદ્ધ : રાજ્ય પોલીસ વડા શ્રી શિવાનંદ ઝા**

વધુ વાંચો પાના નં : ૪ પર...

પાના નં. ૩ પર

**અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની અને લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.**

વધુ વાંચો પાના નં : ૩ પર...

પાના નં. ૩ પર

**હવે નોકરીની ચિંતા છોડો સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ. એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો.**

વધુ વાંચો પાના નં : ૩ પર...

કચ્છ એ સૌથી મોટો અને ડાંગ એ સૌથી નાનો જિલ્લો છે

# ગુજરાતના જિલ્લાઓનું વિભાજન

**૧ મે ૧૯૬૦ના રોજ બોમ્બે રાજ્યના ઉત્તર ભાગના ૧૭ જિલ્લાઓમાંથી ગુજરાત રાજ્યની સ્થાપના કરવામાં આવી**

ગુજરાતના જિલ્લાઓ

ભારતના ગુજરાત રાજ્યમાં ૩૩ જિલ્લાઓ આવેલા છે. કચ્છ એ સૌથી મોટો અને ડાંગ એ સૌથી નાનો જિલ્લો છે. અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ વસતી અને ડાંગ જિલ્લામાં સૌથી ઓછી વસતી છે. રાજ્યનો સુરત જિલ્લો સૌથી વધુ વસતી ગીચતા ધરાવે છે જ્યારે કચ્છ જિલ્લો સૌથી ઓછી વસતી ગીચતા ધરાવે છે.

ગુજરાતમાં ૨૪૯ તાલુકાઓ આવેલા છે.

★ઈતિહાસ★

★૧૯૬૦★

૧ મે ૧૯૬૦ના રોજ બોમ્બે રાજ્યના ઉત્તર ભાગના ૧૭ જિલ્લાઓમાંથી ગુજરાત રાજ્યની સ્થાપના કરવામાં આવી.

આ જિલ્લાઓ હતાઃ અમદાવાદ, અમરેલી, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, ડાંગ, જામનગર, જુનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, પંચમહાલ, રાજકોટ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, અને વડોદરા.

★૧૯૬૪★

૧૯૬૪માં ગાંધીનગર જિલ્લો અમદાવાદ અને મહેસાણાના ભાગોમાંથી રચવામાં આવ્યો.

★૧૯૬૬★

સુરતમાંથી વલસાડ જિલ્લો

૧૯૬૬માં છૂટો પાડવામાં આવ્યો.

★૧૯૯૭★

૨ ઓક્ટોબર ૧૯૯૭ના રોજ પાંચ નવા જિલ્લાઓની રચના કરવામાં આવીઃ

આણંદ ખેડામાંથી છૂટો પડાયો.

દાહોદ પંચમહાલમાંથી છૂટો પડાયો.

નર્મદા ભરૂચ અને વડોદરાના પ્રદેશોમાંથી રચાયો.

નવસારી વલસાડમાંથી છૂટો પડાયો.

પોરબંદર જુનાગઢમાંથી છુટો પડાયો

★૨૦૦૦★

૨૦૦૦માં પાટણ જિલ્લો બનાસકાંઠા અને મહેસાણાના પ્રદેશોમાંથી રચાયો.

★૨૦૦૭★

૨ ઓક્ટોબર ૨૦૦૭ ના રોજ સુરત જિલ્લામાંથી તાપી જિલ્લો છૂટો પડાયો જે રાજ્યનો ૨૬મો જિલ્લો બન્યો.

★૨૦૧૩★

૧૫ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ સાત નવાં જિલ્લાઓ રચવામાં આવ્યાઃ

અરવલ્લી સાબરકાંઠામાંથી છૂટો પાડવામાં આવ્યો.

બોટાદ અમદાવાદ અને ભાવનગર જિલ્લાઓના પ્રદેશોમાંથી રચાયો.

છોટા ઉદેપુર વડોદરા જિલ્લામાંથી છૂટો પડાયો.

દેવભૂમિ દ્વારકા જામનગરમાંથી છૂટો પડાયો.

મહીસાગર ખેડા અને પંચમહાલમાંથી રચાયો.

મોરબી રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગર જિલ્લાઓમાંથી રચાયો.

ગીર સોમનાથ જુનાગઢમાંથી રચાયો.

૯ સપ્ટેમ્બર ૨૦૧૩ ના રોજ ૨૩ નવા તાલુકાઓની રચના કરવામાં આવી.

૨૮ ઓક્ટોબર ૨૦૧૩ ના રોજ ગરૂડેશ્વર તાલુકાની રચના કરવામાં આવી.

**અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ વસતી અને ડાંગ જિલ્લામાં સૌથી ઓછી વસતી છે**

# મહાસાગરો વિશે આટલું જાણો...

**પૃથ્વીની સપાટી પર ૭૧ ટકા વિસ્તારમાં સમુદ્રોનું ખારું પાણી છવાયેલું છે. પૃથ્વી પરનો સૌથી મોટો પેસેફિક મહાસાગર પૃથ્વીની સપાટીનો ત્રીજો ભાગ રોકે છે.**

પૃથ્વીની સપાટી પર ૭૧ ટકા વિસ્તારમાં સમુદ્રોનું ખારું પાણી છવાયેલું છે. પૃથ્વી પર પાંચ મહાસાગર છે. એકબીજા સાથે જોડાયેલા છે પરંતુ નજીકના ખંડ પ્રમાણે તેને નામ અપાયા છે.

પૃથ્વી પરનો સૌથી મોટો પેસેફિક મહાસાગર પૃથ્વીની સપાટીનો ત્રીજો ભાગ રોકે છે.

પેસેફિક એટલે પ્રશાંત મહાસાગર. તેનું નામ સાગરખેડુ મેગેલને પાડેલું.

'માર પેસિફિકો' એટલે સ્પેનિશ ભાષામાં 'શાંત સમુદ્ર'.

પેસિફિક સમુદ્રમાં મેરિયાના ટ્રેન્સ સૌથી ઊંડી છે તેની ઊંડાઈ ૩૫૭૯૭ ફૂટ છે.

બીજા નંબરનો સૌથી મોટો મહાસાગર એટલાન્ટિક છે. યુરોપ અને આફ્રિકાને અમેરિકાથી જુદા પાડતા આ સાગરમાં ગરમ પાણીના પ્રવાહો છે.

હિંદ મહાસાગર કદમાં ત્રીજા નંબરનો છે. તે ગરમ પાણીના પ્રવાહો ધરાવે છે.

હિંદ મહાસાગરમાં માડાગાસ્કર અને શ્રીલંકા જેવા મોટા ટાપુ દેશો આવેલા છે.

આર્કટિક મહાસાગર એટલે ઉત્તર ધ્રુવની આસપાસનો બરફનો દરિયો. સૌથી છીછરો અને નાનો આ મહાસાગર બરફનો જ બનેલો છે.

સધર્ન કે દક્ષિણ મહાસાગર દક્ષિણ ધ્રુવ પર આવેલો બરફનો દરિયો છે.

મહાસાગરોની સરેરાશ ઊંડાઈ ૧૨૨૦૦ ફૂટ છે. પૃથ્વી પરનું ૯૭ ટકા પાણી મહાસાગરોમાં સચવાય છે. પૃથ્વી પરનું સૌથી મોટું પ્રાણી વ્હેલ સમુદ્રમાં રહે છે.

**હિંદ મહાસાગર કદમાં ત્રીજા નંબરનો છે. તે ગરમ પાણીના પ્રવાહો ધરાવે છે.**

રૂપિયા કમાવાનો નવો માર્ગ...
www.rupiyakamao.com
સભ્યપદ વિનામૂલ્યે
ગુજરાતી ભાષામાં જનરલ નોલેજની ક્વિઝ રમો, સરળ પ્રશ્નોનાં અન્ય કરતા વહેલા જવાબ આપો અને રોજ ઓછામાં ઓછા રૂા. ૧૦૦/- થી લઈને રૂા. ૨૪૦/- કમાવાની તક.
www.rupiyakamao.com

# જીવવિજ્ઞાનને લાગુ પડતી શાખાઓ

- કૃષિવિજ્ઞાન
- ઘાસવિજ્ઞાન
- ફુલો નું વિજ્ઞાન
- માનવ શરીર રચનાનું વિજ્ઞાન
- બેક્ટેરિયાને લગતુ વિજ્ઞાન
- જીવ વિકાસ શાસ્ત્ર
- કોષ વિજ્ઞાન
- મસ્તિષ્ક નું વિજ્ઞાન
- હૃદય નું વિજ્ઞાન
- વૃક્ષ શાસ્ત્ર
- સજીવના પર્યાવરણ સાથેના સંબંધો (પરિસ્થિકી વિજ્ઞાન)
- ગ્રંથિ ને લાગતું વિજ્ઞાન
- પ્રાણી વર્તન શાસ્ત્ર
- જંતુ શાસ્ત્ર
- પ્રજનનશાસ્ત્ર
- પ્રાણી વિષયક શાસ્ત્ર
- ફુલોની ખેતી
- આનુવંશિકતા અને પરિવર્તનનું શાસ્ત્ર
- રુધિર વિજ્ઞાન
- રોગ-પ્રતિરક્ષાવિજ્ઞાન
- મત્સ્ય વિજ્ઞાન
- સરોવર જીવવિજ્ઞાન
- અંગોની ગતિને લગતું
- આકારવિજ્ઞાન
- સૂક્ષ્મ જીવ વિજ્ઞાન
- સસ્તન પ્રાણી ને લગતું વિજ્ઞાન

રેફર કરો, રૂપિયા કમાઓ...
www.rupiyakamao.com
સભ્યપદ વિનામૂલ્યે

# ખાદ્ય પદાર્થની સાચવણી : Part-2

ગતાંકથી આગળ...

### ખાંડ

ખાંડનો ઉપયોગ મુખ્યત્વે ફળોની જાળવણી માટે કરવામાં આવે છે, સફરજન, નાસપતી, પીચ, જરદાળુ, પ્લમ જેવા ફળોની સાથે ચાસણી તરીકે કે સ્ફટીકરણનો ઉપયોગ કરવામાં આવે, જ્યાં વસ્તુને ખાંડ સાથે ત્યાં સુધી રાંધવામાં આવે છે જ્યાં સુધી તેનું સ્ફટીકરણ ના થઇ જાય અને જે પરિણામ સ્વરૂપ પદાર્થ મળે છે તેને સૂકી રીતે સંગ્રહ કરી શકાય છે. આ પદ્ધતિનો ઉપયોગ ખટાશવાળા ફળોની છાલ (ફળોની છાલનો મુરબ્બો), એન્જલિક અને આદુ માટે કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ફેરફાર કરીને ખાંડવાળા ફળનું ઉત્પાદન કરી શકાય છે જેમ કે ખાંડવાળી ચેરીઓ, જેમાં ફળને ખાંડની અંદર સાચવી રાખવામાં આવે છે ત્યારબાદ તેને ચાસણીમાંથી નીકાળીને વેચાય છે, આ ફળની જાળવણી ખાંડના તત્વો અને ચાસણીના બાહરના થર દ્વારા થાય છે. વૈભવી ઉત્પાદનો જેવા કે બ્રાન્ડીમાં ફળો કે અન્ય દારૂના ઉત્પાદની જાળવણી માટે ખાંડ અને દારૂને મોટેભાગે સાથે મેળવીને નાંખવામાં આવે છે જોકે તેને ફળોના સ્વાદવાળા માદક પીણાં જેવા કે ચેરી બ્રાન્ડી કે સ્લો જીન સાથે જોડવાની ગેરસમજ ન કરવી જોઈએ.

### અથાણું

અથાણાં તે ખોરાકની સાચવણી માટે ખાદ્ય પ્રતિ-માઈક્રોબિયલ પ્રવાહીમાં રાખવાની એક પદ્ધતિ છે. અથાણાંને વિસ્તૃતરીતે રાસાયણિક અથાણાં (ઉદાહરણ માટે, ખારાપાણીમાં બોળવું) અને આથો લાવતા અથાણાં (ઉદાહરણ તરીકે સાવર્ક્રાઉટને બનાવવું) તરીકે વર્ગીકૃત કરી શકાય છે.

રાસાયણિક અથાણાંમાં, ખોરાકને એક ખાદ્ય પ્રવાહી જે બેક્ટેરિયાને અટકાવે કે મારી શકે અને જેમાં અન્ય સૂક્ષ્મ જીવો પણ હોય છે તેમાં રાખવામાં આવે છે. લાક્ષણિક અથાણાંના પરિબળોમાં ખારા પાણીમાં બોળવું (જેમાં મીઠું ઊંચી માત્રામાં હોય છે), સરકો, દારૂ, અને ખાદ્ય તેલ, ખાસ કરીને જેતૂનનું તેલ અને અન્ય તેલો સમાવિષ્ટ છે. ઘણાં રસાયણિક અથાણાંની પ્રક્રિયાઓમાં ગરમ કરવું કે ઉકાળવાનો પણ સમાવેશ કરવામાં આવે છે જેથી ખોરાક અથાણાંના એજન્ટ સાથે સંતૃપ્ત થઇને જળવાઇ રહે. સમાન રસાયણિક અથાણાંના ખોરાકમાં કાકડીઓ, મરી, આથેલું ગોમાંસ, હેરિંગ અને ઈંડાઓ, સાથે જ મિશ્ર શાકભાજીઓ જેવી કે પિકલિલિ, ચાઉ-ચાઉ, જાર્ધિનિયરા, અને આચારનો સમાવેશ થાય છે.આથેલા અથાણાંમાં, ખોરાક પોતેજ જાળવણીના એજન્ટનું ઉત્પાદન કરે છે, એક ખાસ પ્રક્રિયા દ્વારા તે લેક્ટીક એસિડ (દહીંમાં જોવા મળતો એક તેજાબ)નું ઉત્પાદન કરે છે. આથેલા અથાણાંમાં સાર્વક્રાઉટ, નુક્ઝુકે, કીમચી, સસ્ટ્રોંમીંગ, અને કુર્ટીડોનો સમાવેશ થાય છે. કેટલાક રાસાયણિક કાકડીના અથાણાંને પણ આથો આપવામાં આવે છે. વ્યાપારી અથાણાંમાં, સોડિયમ બેન્જોયેટ કે ઈડીટીએ (ઈદ્ભછ) જેવા સાચવણીના પદાર્થોને સમય અવધિ વધારવામાં માટે પણ નાંખવામાં આવે છે.

### લાઈ (પ્રબળ ક્ષારીય વિલયન)

સોડિયમ હાઈડ્રોકસાઈડ (લાઈ) ખોરાકને એટલો ખારો બનાવી દે છે કે બેક્ટેરિયાનો વિકાસ થઈ શકે. લાઈ ખોરાકની ચરબીને રૂપાંતરિત કરે છે, જે તેના સ્વાદ અને બનાવટને બદલી દે છે. લૂટેફીક્સનો ઉપયોગ લાઈમાં તેની બનાવટ વખતે કેટલીક જેતૂનની બનાવટ વખતે કરવામાં આવે છે. આધુનિક રેસીપીમાં સેન્ચૂરી ઈંડાને પણ લાઈ કહેવાય છે. મસા હરીના અને મકાઈની ઘેંસનો ઉપયોગ કૃષિ ચૂનો બનાવવામાં થાય છે અને તેની બનાવટને ઘણીવાર ખોટી રીતે લાઈ તરીકે સૂચવવામાં આવે છે.

### ડબ્બા કે બરણીમાં ભરવું

સાચવેલો ખોરાકઘરેલું રીતે ડબ્બામાં ભરવાને પણ જુઓડબ્બામાં ભરવા (કેનમાં ભરવું)ને રાંધેલા ખોરાક જંતુરહિત ડબ્બા કે બરણીમાં સીલબંધ કરવાની રીતે જોડવામાં આવે છે, અને જંતુરહિત કરવાની માટે ઉકાળેલા પાત્રો દ્વારા બાકીના બેક્ટેરિયા પણ નબળા પાડવામાં કે મારી નાંખવામાં આવે છે. નિકોલસ અપ્પેર્ટ દ્વારા તેની શોધ કરવામાં આવી હતી.ચ૧ૃ ખોરાકને બગાડની સામે પ્રકૃતિક રીતે જાળવણીના વિવિધ તબક્કા હોય છે અને પ્રેશર કૂકરમાં છેલ્લા ચરણ માટે જરૂરી હોઈ શકે છે. સ્ટ્રોબેરી જેવા ઉચ્ચ એસિડીક ફળોને કોઈ પણ જાળવણીના પદાર્થોની જરૂર નથી હોતી અને તેના માટે એક ટૂંકી ઉકાળવાની પદ્ધતિ યોગ્ય રહે છે, જ્યારે ટમાટા જેવા સીમાંત ફળો અને વધુના અન્ય એસિડિક ઘટકોને લાંબાં સમય સુધી ઉકાળવા પડે છે. ઓછા એસિડવાળા ખોરાક, જેવા કે શાકભાજી અને માંસને દબાણથી ડબ્બામાં બંધ કરવા જરૂરી હોય છે. ડબ્બા કે બોટલમાં બંધ કરી જાળવેલો ખોરાકમાં એક વાર જ્યારે તેને ડબ્બા કે બોટલમાંથી ખોલવામાં આવે છે ત્યારે તેનો તરત જ બગડી જવાનો ભય રહે છે.

ડબ્બામાં ભરવાની પ્રક્રિયામાં ગુણવત્તાના અભાવને કારણે પાણીનો પ્રવેશ કે સૂક્ષ્મજંતુઓ રહી જાય તેવું પણ બની શકે છે. વિઘટનની આવી નિષ્ફળતાને ઝડપીથી શોધી શકાય છે કારણ કે વિઘટનથી ડબ્બામાં વાયુનું નિર્માણ થાય છે અને ડબ્બો ફૂલી કે  કે ફાટી જાય છે. જોકે, ડબ્બામાં બંધ ખોરાકમાં દૂષિતતાને છૂટ આપતા ખરાબ ઉત્પાદન (પ્રક્રિયા દરમિયાન) અને ખરાબ આરોગ્યના કેટલાક ઉદાહરણોમાં ખોરાક એનારોબ ક્લોસ્ટ્રીડિયમ બોટુલિનમ ની અસર હેઠળ, તીવ્ર ઝેર ઉત્પન્ન થાય છે, જે કેટલીક બિમારી કે મૃત્યુ તરફ દોરી જાય છે. આ જીવતંત્ર કોઈ પણ પ્રકારનો વાયુ કે કોઈ ખાસ સ્વાદ પેદા નથી કરતો અને તેને સ્વાદ કે ગંધ દ્વારા શોધવો અશક્ય છે. જોકે રાંધવાથી તેના વિષ નકામું બની જાય છે. રાંધેલા મસરૂમો, ખરાબ પરિસ્થિતિમાં રાખી અને ત્યારબાદ તેને ડબ્બામાં બંધ કરવાથી, તે સ્ટેફીલોકોકસ

વધુ આવતા અંકે...

# અભિનેતા બની લોકોના
# દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.

## અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની તક.

**જ્ઞાનવૃદ્ધિ** એટલે...

**જ્ઞાનની સાથે આપના ધંધા-વ્યવસાયની જાહેરાત કરવાનું અસરકારક માધ્યમ**

આ સામયિક વિનામુલ્યે દર ગુરૂવારે પ્રસિદ્ધ થશે જે ૨૫,૦૦૦થી પણ વધારે વાચકો સુધી પહોચશે જેના દ્વારા આપના ધંધા-વ્યવસાયની માર્કેટીંગ અને પબ્લીસીટીની વ્યુહરચનાને વધુ અસરકારક બનાવે છે.

વેબસાઈટ પર પણ તમારી જાહેરાત

નાના બાળકોથી લઈને વડીલોને પણ ઉપયોગમાં આવે તેવી માહિતી તથા માર્ગદર્શન આ પુસ્તિકાને જીવીત રાખશે.

જયારે જયારે વાચક આ પુસ્તિકા વાંચશે ત્યારે તેમની નજર આપના ધંધા–વ્યવસાયની જાહેરાત પર પણ પડશે.

લાંબાગાળા સુધી આપની જાહેરાત ટકાવી રાખવા માટે

**જાહેરાત માટે સંપર્ક : 8306781161**

## કોર્સના મુખ્ય ફાયદા :

૧. એસોસીએટ ફર્મની એડફિલ્મમાં વિવિધ રોલ ભજવી કુલ ૨૮ એડફિલ્મોમાં લીડિંગ રોલ.
૨. ૨૮ એડફિલ્મો બાદ કાર્પોરેટ એડફિલ્મોમાં લીડિંગ રોલ - દરેક એડફિલ્મ દીઠ રૂા. ૧૦,૦૦૦/-.(બે વર્ષનો એગ્રીમેન્ટ)
૩. એસોસીએટ ફર્મના પેમ્ફલેટ તથા જાહેરાતોમાં તમારો ચહેરો છપાશે .
૪. એસોસીએટ ફર્મના સ્ટેજ શો તથા પ્રમોશનલ એક્ટીવીટીમાં એન્કરીંગ કરવાની તક. (પ્રથમ ૩ શો વિનામૂલ્યે ત્યારબાદ દરેક શો ના રૂા. ૧૦,૦૦૦/- મળશે.)
૫. કોઈ વિદ્યાર્થી રેફર કરો તો ૫% કમિશન મળશે.
૬. પ્રોફીટ શેરીંગનો લાભ.
૭. પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો એક્ટીંગ સ્ટુડિયો સેટ-અપ.

**વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161**

**જ્ઞાનવૃદ્ધિ**

જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે.

**www.gyanvrudhi.info**

# હવે નોકરીની ચિંતા છોડો

## સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ.

## એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો

**૧૪ ગ્રાફિક્સ અને એનિમેશનના + ૧૨ સપોર્ટેડ સોફ્ટવેર શીખવાની તક.**

## કોર્સના મુખ્ય ફાયદા :

૧.એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર, શરૂઆતનો પગાર રૂા. ૧૨,૦૦૦/-.
૨.લાયસન્સ વર્ઝન સોફ્ટવેર પર પ્રેક્ટીશ.
૩.હાઈ-કન્ફીગ્યુરેશનવાળી કોમ્પ્યુટર સીસ્ટમ. અદ્યતન ટેક્નોલોજી ધરાવતા સાધનો.
૪.અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન.
૫.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૧૦% વધારો મળશે.
૬.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૫% કમિશન મળશે.
૭.પ્રથમ ૩૦ વિદ્યાર્થીને પ્રોફીટ શેરીંગનો લાભ.
૮.પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો સ્ટુડિયો સેટ-અપ.

## કોર્સમાં કોણ જોડાઈ શકે ?

૧.કોલેજ કરતા વિદ્યાર્થીઓ
૨.ગૃહિણીઓ
૩.નોકરી કરવાની ઈચ્છા ધરાવતા તમામ.
૪.પોતાનો નવો ધંધો-વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા તમામ.
૫.આઈ.ટી.આઈ, સાયન્સ, કોમર્સ,આર્ટસ, મેડીકલ, એન્જીનીયરીંગ કરતા તમામ.

**કોર્સમાં જોડાવાની લાયકાત :**
૧.કોમ્પ્યુટરનુ બેઝીક નોલેજ – ઇન્ટનેટ, ઈ-મેઈલ, એમ.એસ. ઓફીસનું નોલેજ.
૨.૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ.

**વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161**

# ભારતમાં જાહેર ક્ષેત્રના એકમો : PART - 2

ગતાંકથી આગળ...

આઈઆરસીઓએન ઈન્ટરનેશનલ લિમિટેડ
કેઆઈઓસીએલ લિમિટેડ
મઝગાંવ ડોક લિમિટેડ
મહાનદી કોલફિલ્ડ્સ લિમિટેડ
મેંગેનીઝ ઓર (ઈન્ડિયા) લિમિટેડ
મેંગલોર રિફાઈનરી એન્ડ પેટ્રોકેમિકલ્સ લિમિટેડ
મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ
એમએમટીસી લિમિટેડ
એમએસટીસી લિમિટેડ
નેશનલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ
નેશનલ સીડ્સ કોર્પોરેશન
એનએચપીસી લિમિટેડ
નૉર્ધન કોલફિલ્ડ્સ લિમિટેડ
નૉર્થ ઈસ્ટર્ન ઈલેકટ્રિક પાવર કોર્પોરેશન
નમલીગઢ રિફાઈનરી લિમિટેડ
ઓએનજીસી વિદેશ લિમિટેડ
પવન હંસ હેલિકોપ્ટર લિમિટેડ
પ્રોજેક્ટ્સ એન્ડ ડેવલપમેન્ટ ઈન્ડિયા લિમિટેડ
રેલટેલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
રેલ વિકાસ નિગમ લિમિટેડ
રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર્સ લિમિટેડ
રાઈટ્સ લિમિટેડ
એસજેવીએન લિમિટેડ
સિક્યુરિટી પ્રિન્ટિંગ એન્ડ મિન્ટીગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
સાઉથ ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ
સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
ટેલિકમ્યુનિકેશન્સ કન્સલ્ટન્ટ્સ ઈન્ડિયા લિમિટેડ
ટીએચડીસી ઈંડિયા લિમિટેડ
વેસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ

વધુ આવતા અંકે...

## સાવચેતી એ જ કોરોના સંક્રમણને અટકાવવા માટેનું શસ્ત્ર

# ગુજરાતમાં લોકડાઉનની કડક અમલવારી કરાવવાની સાથે રાજ્યની સલામતી, સુરક્ષા અને વિકાસ માટે પોલીસ વિભાગ કટિબદ્ધ : રાજ્ય પોલીસ વડા શ્રી શિવાનંદ ઝા

ગુજરાતને કોરોનાના સંક્રમણથી બચાવવા માટે અમલી લોકડાઉનના ચુસ્ત પાલન કરાવવાની સાથે રાજ્યની સલામતી, સુરક્ષા અને વિકાસ માટે પોલીસ વિભાગ કટિબદ્ધ છે. ઉનાળાના આકરા તાપમાં પણ કર્તવ્યનિષ્ઠ પોલીસ કર્મીઓ ચેકપોસ્ટ અને કંટેન્મેંટ વિસ્તારોમાં ખડે પગે ફરજ બજાવી રહ્યા છે તેમ રાજ્ય પોલીસ વડા શ્રી શિવાનંદ ઝાએ ગર્વભેર જણાવ્યું હતું.

ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે તમામ નાગરિકોને શુભેચ્છઓ પાઠવતાં શ્રી ઝાએ મુખ્ય મંત્રીશ્રીએ સુચવ્યા મુજબ દરેક નાગરિકોને માસ્ક પહેર્યા વિના ઘરની બહાર ન નીકળવા, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા અને વારંવાર સાબુથી હાથ ધોવા એ ત્રણ સંકલ્પ લેવાની અપીલ કરતાં કહ્યું કે સાવચેતીને કોરોનાનું સંક્રમણ અટકાવવા માટેનું શસ્ત્ર બનાવી આપણે સૌ એક થઈને કોરોના સામે લડી રહ્યા છીએ. જેમાં અવશ્ય સફળ બની કોરોનાના સંક્રમણને હરાવીશું.

લોકડાઉનના કડક અમલ માટે પોલીસદળની સાથે જીઆરડી, હોમગાર્ડસ જવાનો, એનસીસી કેડેટ્સ, એનએસએસના સ્વયંસેવકો તથા આરટીઓ અને વનવિભાગના અધિકારી-કર્મચારીઓ ખંતભેર ફરજ બજાવી રહ્યા છે તેનો ઉલ્લેખ કરી કોરોના સંક્રમણથી લોકોને બચાવવાના આ પ્રયાસોને સફળ બનાવવા નાગરિકોનો સહયોગ જરૂરી છે તેમ શ્રી ઝાએ જણાવ્યું હતું.

કોરોના સંક્રમણને અટકાવવામાં ફરજ પાલન દરમિયાન જે પોલીસ કર્મીઓ સંક્રમીત થયા હતા તેમાંથી કેટલાક જવાનો જરૂરી તબીબી સારવારથી કોરોનાને હરાવી સ્વસ્થ બનીને તાત્કાલિક પુનઃ ફરજ ઉપર હાજર થઈ પોતાની ફરજ પ્રત્યેની કટિબદ્ધતા દર્શાવી સૌ માટે પ્રેરણારૂપ બન્યા છે તેમ શ્રી ઝાએ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યુ હતુ કે લૉકડાઉન દરમિયાન જાહેર સ્થળોએ ભીડ થતી હોય અને સોશિયલ ડિસ્ટેન્સિંગનો ભંગ થતો હોય તેવા બનાવોની ૧૦૦ નંબર કે પોલીસ કંટ્રોલરૂમને જાણ થતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ગઈકાલે ૧૦૦ નંબર પર મળેલા કોલને આધારે રાજ્યમાં ૮૨ ગુના દાખલ કરાયા છે.

લૉકડાઉન દરમિયાન પોલીસ સહિતના કોરોના વોરિયર્સ ઉપર થતાં હુમલાઓને રાજ્યસરકાર અતિગંભીરતાથી લઈ આવા તત્વો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે એમ જણાવી શ્રી ઝાએ આ અંગેની વિગતો આપતા કહ્યું કે, સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ખાતે તા. ૨૮ માર્ચના રોજ પોલીસ કર્મી ઉપર થયેલા હુમલા સંદર્ભે એક આરોપી સામે, મોરબી જિલ્લાના હળવદ ખાતે તા.૧૯ એપ્રિલના રોજ પોલીસા ફરજમાં અવરોધ ઉભો કરી પોલીસ ઉપર થયેલા હુમલા સંદર્ભે એક આરોપી સામે ગુનો નોંધી તેની સામે પાસા હેઠળ કાર્યવાહી હાથ ધરીને જેલ ભેગા કરી દેવાયા છે. લોકડાઉન બાદ અત્યાર સુધી પોલીસ કર્મી ઉપર થયેલા હુમલા સંદર્ભે ૨૦ ગુના નોંધી ૪૬ હુમલાખોરો સામે પાસા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શ્રી ઝાએ ઉમેર્યું કે, વિવિધ માધ્યમો દ્વારા જે ગુન્હાઓ ગત રોજથી દાખલ થયા છે; તેમાં ડ્રોનના સર્વેલન્સથી ૨૯૩ ગુનાઓ નોંધાયા છે. આ સર્વેલન્સથી આજદિન સુધીમાં ૧૦,૩૯૧ ગુના દાખલ કરીને ૨૦,૦૪૨ લોકોની અટકાયત કરાઈ છે. જ્યારે સ્માર્ટ સિટી અને વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ ઝઝ્રફ નેટવર્ક દ્વારા ૧૧૪ ગુના નોંધીને ૧૪૭ લોકોની અટકાયત કરતાં આજસુધીમાં રાજ્યભરમાંથી ૨,૧૧૯ ગુના નોંધી ૩,૧૬૩ લોકોની અટકાયત કરાઈ છે. આ ઉપરાંત સોસાયટીના ઝઝ્રફ આધારે ગઈકાલે ૩૪ ગુનામાં ૪૦ લોકોની જ્યારે આજસુધીમાં ૪૩૪ ગુનાઓ દાખલ કરીને ૬૯૫ લોકોની અટકાયત કરવામાં આવી છે.

આ જ રીતે, સોશીયલ મીડિયાના માધ્યમ દ્વારા પણ ખોટા મેસેજ અને અફવાઓ ફેલાવા સંદર્ભે ગઈકાલે ૨૫ અને અત્યારસુધીમાં કુલ ૫૮૫ ગુના દાખલ કરીને ૧,૨૨૯ આરોપીની અટકાયત કરી છે. જેમાં ગઈકાલે ૨૩ એકાઉન્ટ સહિત અત્યારસુધીમાં કુલ ૫૩૩ એકાઉન્ટ બંધ કરાયા છે. વિડીઓગ્રાફી તથા ઓટોમેટિક નંબર પ્લેટ રેકૉગ્નિશન (ANPR) મારફત ગઈકાલે અનુક્રમે ૨૩૬ જ્યારે કુલ ૧,૬૮૬ અને ૭૪ જ્યારે કુલ ૮૩૦ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. કેમેરા માઉન્ટ ખાસ 'પ્રહરી' વાહન મારફત ગઈકાલે ૫૨ તેમજ કુલ ૫૫૫ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

જાહેરનામા ભંગના ગુનાની વિગતો આપતાં શ્રી ઝાએ જણાવ્યું હતું કે, તા.૩૦/૦૪/૨૦૨૦ થી આજ સુધીમાં કુલ ૨,૩૩૪ કિસ્સાઓ, કવોરેન્ટિન કરેલ વ્યકિતઓ ધ્વારા કાયદા ભંગના ગુનાની સંખ્યા ૧,૩૧૨ તથા ૫૭૯ અન્ય ગુનાઓ (રાયોટીંગ/Disaster Management Actના) મળી ૪,૨૨૫ ગુનાઓમાં કુલ ૫,૩૭૭ આરોપીઓ સહિત અત્યાર સુધીમાં કુલ ૧,૧૫,૪૩૦ લોકોની અટકાયત કરવામાં આવી છે. લૉકડાઉનના ભંગ બદલ ગઈકાલે ૮,૨૩૧ વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગત રોજ ૭,૧૧૩ વાહનો મુક્ત કરવાની સાથે અત્યાર સુધીમાં કુલ ૧,૪૯,૦૧૮ વાહનોને મુક્ત કરવામાં આવ્યા છે.

## રાજ્યભરમાં ડ્રોન ફુટેજના આધારે અત્યાર સુધીમાં લોકડાઉન ભંગના ૧૦,૩૯૧ ગુના નોંધીને ૨૦,૦૪૨ વ્યક્તિઓની ધરપકડ કરાઈ

## ( કોવિડ હોસ્પિટલમાં એક લટાર..)

# "અમારે તો સગું શુ...? અને વહાલુ કોણ..? જે ગણોએ આ સ્ટાફ જ છે.."

## :હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ

### ડેઝિગ્નેટેડ હોસ્પિટલનો ડેડીકેટેડ સ્ટાફ...

અમારે તો સગું શુ...? અને વહાલુ કોણ..? જે ગણોએ આ સ્ટાફ જ છે.. સિવિલ હોસ્પિટલના પરિસરમાં કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી એક દર્દીના આશબ્દો ઘણું બધું કહી જાય છે...

કોરોનાના સંકટ વચ્ચે કોવિડ ડેઝિગ્નેટેડ સિવિલ હોસ્પિટલમાં ૧૧૨૫ કોરોના યોધ્ધાઓ ૨૪ ઠ ૭ ખડે પગે અવિરત સેવા બજાવે છે...

કોઈના બાળકો નાના છે... કોઈના પરિવારમાં તકલીફ છે...પણ સેવા જ તેમનો ધર્મ.... કદાચ આ જ અભિગમને પગલે દર્દીઓ એમ માને છે કે આ જ અમારા સગાવહાલા છે...

આ વોર્ડમાં ફરજ બજાવતા મુક્તિ પટેલ કહેછે કે..' આ દર્દીઓના દવા સારવારની સાથે સાથે ભોજન, પાણી અને અન્ય કોઈ જરૂરિયાત હોય તેનું અમે ધ્યાન રાખીએ છીએ... એટલે જ દર્દીઓ એમ માને છે કે અમે તેમના સગા છીએ અને અમે પણ એવું માનીએ છીએ કે આ દર્દીઓ જ અમારા વ્હાલા છે...'

ર્નસિંગ સ્ટાફમાં ફરજ બજાવતા શ્રીપ્રવીણ પારેખ કહેછે કે'આ દર્દીઓની તમામ જરુરીયાતો અમે નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરીએ છીએ... એમાં ક્યાંય કોઈ કચાશ ન રહી જાય તેનું પણ ધ્યાન રાખીએ છીએ... તેમના સગાવ્હાલા તો અહીંયા પ્રવેશ નથી મેળવી શકતા... એ લોકો આ પરિસરમાં બનાવાયેલા ડોમમાં બેસે છે પરંતુ દર્દીઓના સગાવ્હાલાની જેમ જ અમે ફરજ બજાવી એ છીએ..'

તો અહીં સારવાર લઈ રહેલા શ્રી રુદ્રેશભાઈ કહે છે કે કોઈ બીમારીમાં હોસ્પિટલમાં રહેવું કોઈને ન ગમે પરંતુ અહીં દાખલ થયા પછી એવું લાગે છે કે કદાચ ઘરે પણ અમારી આટલી સંભાળ ન લેવાઈ હોત... સવારે ઉકાળો, પછી ચા-નાસ્તો, જમવાનું, બપોરેચા, સાંજે કૌં, જમવાનું અને રાત્રે સૂતાં પહેલા ગરમ દૂધ... આ વ્યવસ્થા અહીં તમામ દર્દીઓ માટે છે... એટલે સાચું કહું તો પરિવારની ખોટતો લાગે જ પરંતુ આ વ્યવસ્થાથી એ કમી મહેસુસ નથી થતી...."

કોવિડ-૧૯ વાયરસની મહામારીએ વિશ્વ આખાને ભરડામાં લીધુ છે. આ રોગને નાથવા રાજ્ય પ્રશાસન સતત કાર્યરત છે. અમદાવાદની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં ૧૨૦૦ બેડની હોસ્પિટલને કોવોડ હોસ્પિટલમાં ફેરવવામાં આવી છે. આખા રાજ્યમાંથી અને કેટલાક કિસ્સાઓમાં રાજ્ય બહારથી પણ દર્દીઓને અહીં દાખલ કરાયા છે. આ દર્દીઓની સેવામાં ત્રણપાળીમાં અંદાજે ૧૧૨૫ યોધ્ધાઓ ખડેપગે અને અવિરત સેવા બજાવે છે.

અહીં સેવા બજાવતા તબીબો પેરા મેડિકલ સ્ટાફ ર્નસિંગ સ્ટાફ સાચા અર્થમાં અત્યંત નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જે દર્દીઓ દાખલ થયા હોય ત્યાં દર્દીના કોઈપણ સગાને ચેપ ન લાગે એટલે સલામતી માટે વોર્ડમાં પ્રવેશ અપાતો નથી... કોઈ ખાસ કિસ્સામાં જરૂર હોય કે દર્દીની લાગણી અને માંગણી હોય કે દર્દી વેન્ટીલેટર પર હોય કે પ્રોસીજર જરૂરી હોય તેવા કિસ્સામાં એક સગાને રક્ષાત્મક સાધનો સાથે જવાની મંજૂરી અપાય છે.

અહીં ફરજ બજાવતા

આ યોધ્ધાઓ નથી તેમના ઘરની ચિંતા કરતા કે નથી તેમના પરિવારની ચિંતા કરતા... એમને મન તો બસ કોરોના દર્દીઓની સેવા જ મુળ મંત્ર છે. સલામ છે આવા ધ્યેય નિષ્ઠકર્મીઓને...સલામ છે તેમના ધ્યેય, ધૈર્ય અને સંવેદનાના ધબકારને....

રેફર કરો, રૂપિયા કમાઓ...

www.rupiyakamao.com

સભ્યપદ વિનામૂલ્યે

તમે જોડાઓ અને તમારા મિત્રોને, સગાંસબંધીને આ વેબસાઈટમાં જોડો અને રેફરલ ઈન્કમ કમાઓ

www.rupiyakamao.com

### મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રીય ગૃહમંત્રી સમક્ષ કરેલી રજૂઆતનો સફળ પ્રતિસાદ

# કોરોના વાયરસ કોવિડ-૧૯ની ઇન્ટરનેશનલ કલીનીકલ ટ્રાયલ સોલીડારિટી ટ્રાયલ માટે ગુજરાતને મંજૂરી

- WHO અને તેના સહયોગીઓ દ્વારા ૧૦૦થી વધુ દેશોમાં ઈન્ટરનેશનલ કલીનીકલ ટ્રાયલ-સોલિડારિટી ટ્રાયલ અમલી બનાવવામાં આવી રહી છે
- ભારતમાં WHOની સહભાગીતાથી ICMR ટ્રાયલ હાથ ધરશે
- ગુજરાતની બી.જે. મેડિકલ કોલેજને સોલિડારિટી ટ્રાયલ માટે મંજૂરી મળી
- વધુ ૪ હોસ્પિટલો એસ.વી.પી. અમદાવાદ-જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ ગોત્રી, વડોદરા-ગવર્મેન્ટ મેડીકલ કોલેજ અને ન્યૂ સિવીલ હોસ્પિટલ સુરત તેમજ પી.ડી.યુ. મેડીકલ કોલેજ રાજકોટને મંજૂરી મળવાની કાર્યવાહિ પ્રગતિમાં
- આ સપ્તાહમાં કોવિડ-૧૯ પેશન્ટસ રજીસ્ટ્રેશન કરીને ૪ જેટલી દવાઓના ટ્રાયલ ફોર ટ્રિટમેન્ટ શરૂ કરાશે
- કોરોના કોવિડ-૧૯ રોગ સામે ઝડપથી અસરકર્તા યોગ્ય દવા મેળવવાની દિશામાં મહત્વપૂર્ણ કદમ
- જે ૪ દવાઓના આવા પરિક્ષણો-ટ્રાયલ થવાના છે તેમાં Remdesivir, Lopinavir, Interferon (beta 1 a) અને hydroxychlrooquine અથવા Chlrooquine નો સમાવેશ થાય છે.
- આ પ્રયોગો-ટ્રાયલને પરિણામે કોરોના કોવિડ-૧૯ રોગ સામે ઝડપથી અસરકર્તા યોગ્ય દવા મળી રહેશે.એટલું જ નહિ, સંક્રમિતોના ત્વરિત સાજા થવાની સંભાવનાઓ પણ વધી જશે.

GYAN VRUDHI, DATE : 07-MAY-2020, THURSDAY, YEAR : 4, VOLUME : 1, ISSUE : 122, TOTAL PAGES : 4.
OWNER, PRINTER, PUBLISHER & EDITOR : HEMANT Y. JOSHI, PRINTED AT ANUGRAH COMPUTERS & PRINTERS, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR. PUBLISHED AT : 3519, AMBAJIMATANO PACHHAL NO VISTAR, NANI BHAGOL, AT & PO : PRANTIJ, TALUKA : PRANTIJ, 383205. DIST : SABARKANTHA. GUJARAT.